પોલીસ કમિશ્નરની કચેરી, વડોદરા શહેર
પોલીસ ભવન, જેલ રોડ, વિશેષ શાખા
કચેરી ટેલીફોન નં.૦૨૬૫-૨૪૨૩૯૫૦
કંટ્રોલ રૂમ ફેકસ નં.૦૨૬૫-૨૪૩૨૫૮૨
e-mail : cp-spl-vad@gujarat.gov.in

ક્રમાંકG/CP/વિ. શા/અબિલ-ગુલાલ /૧૧૩૭ /૨૦૨૧ તારીખ ૦૭ /૦૯/૨૦૨૧

# જાહેરનામું

## ફોજદારી કાર્યરીતી અધિનિયમ - ૧૯૭૩ ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

ગણપતિ ઉત્સવ તહેવાર તારીખ.૧૦/૦૯/૨૦૨૧ થી તારીખ.૧૯/૦૯/૨૦૨૧ સુધી ઉજવવામાં આવશે. પરંતુ અત્યારે નાના મોટા ગણપતિ લાવી રહ્યા છે. શ્રીજી ની સ્થાપના સ્થળોએ વિસર્જન નાં દિવસે શ્રીજીની મૂર્તિ સાથે જતા આવતા રાહદારીએ, વાહનો ઉપર તથા મકાન કે મિલકત ઉપર દર્શન માટે ઉભેલ જનતા ઉપર સફેદ પાવડર, અબિલ-ગુલાલ પાણીમાં તથા અન્ય તૈલી પદાર્થના મિશ્રણ કરી પ્લાસ્ટીકની નાની થેલીઓ ભરી છુટા ફેંકવામાં આવે છે. જેથી આવા કૃત્યોથી જાહેર જનતાને ઇજા થવાથી કાયદો અને વ્યવસ્થા ઉપર અસર થવાની શક્યતાઓ છે. સફેદ પાવડર જે જનતાના સ્વાસ્થને પણ નુકસાન કરતા છે અને જંનમેદની શ્રીજીના દર્શન સહેલાયથી કરી શકે તે સારૂ શ્રીજીના તહેવાર દરમ્યાન જાહેર રોડ ઉપર એટલે કે શ્રીજીની મુર્તિઓના દરરોજ દર્શન કરવા સારૂ મોટી સંખ્યામાં જનસમુદાય એકત્રીત થતો હોય છે. જેથી કાયદો અને વ્યવસ્થા સરળતા રહે તે માટે દર્શન માટે આવતી જનમેદનીને કોઇ અડચણ રૂપ ન થાય તે માટે પ્રતિબંધ મુકવો જરૂરી બને છે.

વાસ્તે હું ડો. શમશેર સિંઘ,I.P.S પોલીસ કમિશ્નર, વડોદરા શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ.૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સી.આર.પી.સી/૧૦૮૨/૧૦૮૦/એમ અન્વયે જે ફોજદારી કાર્યરીતી અધિનિયમન ૧૯૭૩ ની કલમ ૨૦ નીચેની પેટા કલમ (૧) નીચે બહાર પાડવામાં આવેલ છે. અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ.૦૭/૦૧/૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામા નંબર જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં થયેલ છે. જેમાં વડોદરા શહેરના પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી અને મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓને એકઝી.મેજી તરીકે જાહેર કરવામાં આવેલ છે. તેમજ તેઓને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલા છે. તે અધિકારની રુએ નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧૦/૦૯/૨૧ ક.૦૦/૦૦ થી તારીખ.૨૦/૦૯/૨૧ ના ક.૧૦/૦૦ સુધી નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવુ છુ.

### :-કૃત્યો :-

(૧) શ્રીજી ની મુર્તિ સ્થાપના સ્થળોએ, વિસર્જનના દિવસે વપરાતો સફેદપાવડર,અબિલ, ગુલાલ પાણીમાં અન્ય તૈલી પદાર્થના મિશ્રણ કરી પ્લાસ્ટીકની થેલીઓ ભરી છુટા ફેકવા ઉપર.

(૨) શ્રીજીની મુર્તિ સ્થાપનાવાળી જગ્યાએ દર્શનાર્થીઓ ગણપતિજીના સહેલાઇથી દર્શન કરી શકે તે સારૂ (પંડાલોના) આગળના ભાગે અડચણ રાખવા ઉપર.

(3) શ્રીજી મુર્તિના દર્શન કરવા સારૂ ટીકિટ વેચાણ ઉપર નાણા ઉઘરાવવા ઉપર.

### -:શિક્ષા:-

આ હુકમનો ભંગ કરના અગર ઉલંઘન કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૦ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

## :- વિસ્તાર :-

વડોદરા શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તાર

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર છે.

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોટાડીને લાઉડસ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો અને આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપર કરાવવી.

આજ તારીખ:૦૭માહે -સપ્ટેમ્બર - ૨૦૨૧ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

કમિશ્નર ઓફ પોલીસ
વડોદરા શહેર, વડોદરા

(ડૉ. શમશેર સિંઘ)
પોલીસ કમિશ્નર
વડોદરા શહેર, વડોદરા.

પ્રતિ,

(૧) વડોદરા શહેર તમામ પો.સ્ટે. ઈન્ચાર્જશ્રીઓ(નકલો ચોંટાડી લાઉડસ્પીકર વાહન ધ્વારા જાહેરાત કરાવવા સારૂ)

(૨) વડોદરા શહેર પોલીસના તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ

(૩) વડોદરા શહેર કંટ્રોલરૂમ ઈન્ચાર્જશ્રી પોલીસ જાણ તથા વર્તમાનપત્રો ધ્વારા પ્રસિધ્ધી કરાવવા સારૂ

(૪) વડોદરા શહેર પોલીસના તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ તરફ.

જયભારતસહ નકલ રવાના:-

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૨) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા.ગાંધીનગર.

(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી, (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.

(૪) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર, રાજકોટ શહેર, સુરત શહેર.

(૫) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, વડોદરા રેન્જ, વડોદરા.

(૬) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, સોલારોડ, અમદાવાદ.

(૭) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, વડોદરા.

(૮) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ કોર્ટ, વડોદરા.

(૯) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશીયલ મેજી.કોર્ટ, વડોદરા.

(૧૦) કમિશ્નરશ્રી, માહિતી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૧૧) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા શહેર, વડોદરા.

(૧૨) કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વડોદરા.

(૧૩) પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય, વડોદરા.

(૧૪) પોલીસ અધિક્ષકશ્રી, રેલ્વે વડોદરા તથા પોલીસ ઈન્સ્પેકટરશ્રી, વડોદરા રેલ્વે પોલીસ સ્ટેશન, વડોદરા.

(૧૫) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, વડોદરા.

(૧૬) મેનેજરશ્રી,સરકારી પ્રેસ,વડોદરા(ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરી તેની ૨૫ નકલો અત્રે મોકલી આપવા સારૂ)

(૧૭) આસી. કમિશ્નરશ્રી, (ઈન્ટે.), વડોદરા રીજીયન, વડોદરા.

(૧૮) મામલતદાર અને એકઝીકયુટીવ મેજી.શ્રી, વડોદરા શહેર, વડોદરા.

(૧૯) મામલતદાર અને એકઝીકયુટીવ મેજી.શ્રી, વડોદરા તાલુકા, વડોદરા

(૨૦) સંયુકત માહિતી નિયામકશ્રી, કોઠી કચેરી, વડોદરા.

૨/- સ્થાનિક વર્તમાનપત્રોમાં તથા ચેનલોમાં વિના મુલ્યે બહોળી પ્રસિધ્ધિ કરવા વિનંતી સહ.